UK Health Security Agency

પ્રિય માતાપિતા(ઓ) / સંભાળકર્તા(ઓ),

**સંદર્ભ: સ્કાર્લેટ ફીવરમાં વધારો**

સીઝનમાં અપેક્ષિત સ્તરોથી ઉપર UK હેલ્થ સિક્યોરિટી એજંસીને (UKHSA) સ્કાર્લેટ ફીવરના મળેલા નોટિફિકેશન્સમાં તાજેતરમાં [રાષ્ટ્રીય/સ્થાનિક] વધારા અંગે તમને જાણ કરવા માટે અમે લખી રહ્યા છીએ.

જો તમે માનતા હો કે તમને અથવા તમારા બાળકને સ્કાર્લેટ ફીવર હોઈ શકે છે તો તમને ચિહ્નો, લક્ષણો અને લેવાં જેવાં પગલાંઓ અંગે યાદ કરાવવા માટે અમે આ તકનો ઉપયોગ કરવા માંગીએ છીએ.

**સ્કાર્લેટ ફીવરનાં ચિહ્નો અને લક્ષણો**

સ્કાર્લેટ ફીવર એ બાળપણમાં સામાન્ય રીતે લાગતો ચેપ છે જે *સ્ટ્રેપ્ટોકોકસ પાયોજીન્સ (Streptococcus pyogenes)* અથવા સમૂહ Aના સ્ટ્રેપ્ટોકોકસ (GAS) દ્વારા થાય છે. તે સામાન્ય રીતે ગંભીર હોતો નથી, પરંતુ ઉપદ્રવોનું (જેમ કે ન્યૂમોનિયા) અને અન્યોમાં ચેપ ફેલાવાનું જોખમ ઓછું કરવા માટે તેની ઍન્ટિબાયૉટિક્સ વડે સારવાર કરવી જોઈએ. સ્કાર્લેટ ફીવરનાં પ્રારંભિક લક્ષણોમાં ગળામાં સોજો, માથાનો દુખાવો, તાવ, ઊબકા અને ઊલટીનો સમાવેશ થાય છે. 12થી 48 કલાક બાદ લાક્ષણિક લાલ, તીક્ષ્ણ ચકામાં થાય છે, જે વિશિષ્ટ રીતે પ્રથમ છાતી અને પેટ પર દેખાય છે, ત્યારબાદ શરીરના અન્ય ભાગોમાં ઝડપથી ફેલાય છે અને ત્વચાને કાચપેપર જેવી સપાટી આપે છે. વધારે શ્યામ રંગની ત્વચા પર સ્કાર્લેટ રૅશ જોવી મુશ્કેલ બની શકે છે, જો કે 'કાચપેપર' જેવી લાગણીનો અનુભવ થવો જોઈએ. દર્દીઓને વિશિષ્ટપણે ગાલ પર લાલાશ અને મોંની આસપાસ ફિક્કાશ જોવા મળે છે. આની સાથે તેજ લાલ રંગની 'સ્ટ્રૉબેરી' જેવી જીભ જોવા મળે છે.

જો તમને લાગતું હોય કે તમને અથવા તમારા બાળકને સ્કાર્લેટ ફીવર હોઈ શકે તો:

- શક્ય તેટલી જલ્દી તમારા જનરલ પ્રૅક્ટિશનર (GP) અથવા NHS 111નો સંપર્ક કરો
- ખાતરી કરો કે તમે અથવા તમારું બાળક કોઈ પણ સૂચવેલા ઍન્ટિબાયૉટિક્સનો પૂરો કોર્સ લો. ઍન્ટિબાયૉટિક્સનો કોર્સ શરૂ કર્યા બાદ તમને અથવા તમારા બાળકને ટૂંક સમયમાં સારું લાગવાની શરૂઆત થશે, પરંતુ તમારે એ ખાતરી કરવા માટે કોર્સ પૂરો કરવાનો રહેશે કે તમે સાજા થયા બાદ તમારા ગળામાં બૅક્ટેરિયા હાજર ન હોય

- ઍન્ટિબાયૉટિક સારવાર શરૂ કર્યા બાદ ઓછામાં ઓછા 24 કલાક માટે ઘરે રહો, નર્સરી, સ્કૂલ અથવા નોકરીથી દૂર રહો, જેથી ચેપ ફેલાતો અટકાવી શકાય

તમે વારંવાર હાથ ધોઇને અને ખાવાનાં વાસણો, કપડાં, પથારી અને ટુવાલ શેયર ન કરીને ચેપનો ફેલાવો અટકાવવામાં મદદ કરી શકો છો. બધા જ પ્રદૂષિત ટિશ્યૂનો તાત્કાલિકપણે નિકાલ કરવો જોઇએ.

**ઇન્વેઝિવ ગ્રૂપ અ સ્ટ્રૅપ (iGAS)**

જે બૅક્ટેરિયાના કારણે સ્કાર્લેટ ફીવર થાય છે તે જ બૅક્ટેરિયા ત્વચાના ચેપો (ઇમ્પેટિગો (impetigo)) અને ગળામાં સોજો જેવા અન્ય પ્રકારના વિવિધ ચેપ પણ કરી શકે છે. બહુ જ ઓછા કેસોમાં બૅક્ટેરિયા લોહીના પ્રવાહમાં જઇ શકે છે અને ઇન્વેઝિવ ગ્રૂપ અ સ્ટ્રૅપ (iGAS) નામની બિમારી કરી શકે છે. iGAS હજીયે બહુ અસામાન્ય હોવા છતાં આ વર્ષે તેના કેસોમાં વધારો થયો છે, ખાસ કરીને 10 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોમાં વધુ જોવા મળે છે. સ્કાર્લેટ ફીવરથી પીડિત બાળકોમાં iGAS ચેપ જવલ્લે જ થાય છે.

એક માતા કે પિતા તરીકે તમારે તમારા પોતાના નિર્ણય પર વિશ્વાસ કરવો જોઇએ.

નીચેની સ્થિતિમાં NHS 111 અથવા તમારા જનરલ પ્રૅક્ટિશનરનો સંપર્ક કરો:

- તમારા બાળકની તબિયત ખરાબ થઈ રહી હોય
- તમારું બાળક સામાન્ય કરતાં બહુ ઓછું સ્તનપાન કરે કે ખાય
- તમારા બાળકનું નૅપી 12 કલાક કે વધુ સમય માટે કોરું રહે અથવા ડિહાઇડ્રેશનનાં અન્ય ચિહ્નો દર્શાવે
- તમારા શિશુની ઉંમર 3 મહિનાથી ઓછી હોય અને તેનું તાપમાન 38C હોય અથવા તેની ઉંમર 3 મહિનાથી વધુ હોય અને તાપમાન 39C અથવા તેનાથી વધારે હોય
- જ્યારે તમે તમારા શિશુની પીઠ અથવા છાતીને સ્પર્શ કરો ત્યારે તે સામાન્ય કરતાં વધારે ગરમ લાગે અથવા પરસેવો થયો હોવાનું લાગે
- તમારા બાળકને બહુ થાક લાગે અથવા ચીડિયું થાય

નીચેની સ્થિતિમાં 999 પર કૉલ કરો અથવા અકસ્માત અને કટોકટી વિભાગમાં (A&E) જાઓ:

- તમારા બાળકને શ્વાસ લેવામાં તકલીફ થાય – તમને ઘેરો,અસ્પષ્ટ અવાજ સંભળાઇ શકે છે અથવા તેનું પેટ તેની પાંસળીઓની નીચે દબાતું હોવાનું દેખાઇ શકે છે
- તમારું બાળક શ્વાસ લે ત્યારે અટકી અટકીને લે

- તમારા બાળકની ત્વચા, જીભ અથવા હોઠ ભૂરાં પડે
- તમારું બાળક આમતેમ ડોલતું હોય અને જાગે નહિ અથવા જાગેલું ન રહે

## ફેલાવો અટકાવો

સ્કાર્લેટ ફીવરના ઊંચા ઘટનાદરના સમયગાળાઓ દરમિયાન, સ્કૂલો, નર્સરીઓ અને અન્ય ચાઇલ્ડકેયર સેટિંગ્ઝમાં પણ રોગચાળામાં વધારો થઈ શકે છે. શંકાસ્પદ સ્કાર્લેટ ફીવરથી પીડિત બાળકો અને પુખ્ત વ્યક્તિઓએ યોગ્ય ઍન્ટિબાયૉટિક સારવાર શરૂ કર્યા બાદ **24 કલાક** સુધી નર્સરી / શાળા / નોકરીથી દૂર રહેવું જોઇએ. સ્વચ્છતાની સારી રીતભાતો, જેમ કે હાથ ધોવા એ ચેપના અટકાવ અને નિયંત્રણમાં સૌથી અગત્યનું પગલું રહે છે.

ભવદીય,

[signature]

## સંસાધનો

NHS – સ્કાર્લેટ ફીવર

સ્કાર્લેટ ફીવર: લક્ષણો, નિદાન અને સારવાર

શિક્ષણ અને ચાઇલ્ડકેયર સેટિંગ્ઝમાં સ્વાસ્થ્યનું રક્ષણ

શાળાઓ માટે હાથની સ્વચ્છતાનાં સંસાધનો